અમદાવાદનાં મહે.અધિક ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં.૧૦ માં.

**Criminal Case No.**65863/2021

## <u>આંક-૧ અન્વયે હુકમ:-</u>

(૧)આ કામના આરોપી સામે ઈ.પી.કો. કલમ-૨૮૩ મુજબના ગુનાનો આરોપ છે અને તે આરોપીએ સ્વૈચ્છાએ ગુનાની કબૂલાત કરેલી છે. તેઓની રજૂઆત છે કે, તેઓનો આ પ્રથમ ગુનો છે, મધ્યમ વર્ગના છે, કોર્ટ સમક્ષ દયાની માંગણી કરીને ફરીથી આવો ગુનો નહિ કરવાનું જણાવેલ છે. અત્રેની અદાલતે તેઓને સજાની જોગવાઈ અંગે સમજાવવા છતાં તેમજ કબૂલાત કરવા બંધાયેલ નથી તેવી સમજ આપવા છતાં આરોપીએ તેના નિવેદનમાં સ્વૈચ્છાપૂર્વક ગુનો કબૂલ કરેલ છે અને પોતાનો પ્રથમ ગુનો હોઈ અને પોતે ભવિષ્યમાં ગુનો નહિ કરે તેની ખાતરી આપી, રહેમ કરવા રજૂઆત કરેલ છે.

(૨)આરોપીએ દયાની માંગણી કરેલ હોઈ, આરોપીની રજૂઆત તથા કબૂલાત અને કેસના સંજોગોને ધ્યાને લેતા, તેમજ **<u>રમેશચંદ્ર ભીખાલાલ સોની વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત, જી.એલ.એચ. ૨૦૧૩(૨) ૯૭૪</u>** ના કેસમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને લક્ષમાં રાખતા તેમજ **<u>ગુજરાત હાઈકોર્ટનાં ૨૦૦૫ (૧) જીએલઆર ૭૦૯, સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરીચંદ્રજી ઠાકોર</u>** ના કેસમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને લક્ષમાં રાખતા, તેમજ સ્પેશીયલ સીટીંગનું આયોજન કરવામાં આવેલ તે લક્ષમાં રાખતા, જો પૂરતા અને વ્યાજબી કારણો હોય, તો દરેક કેસની હકીકતને ધ્યાને લઈ, નીચેની અદાલતને કાયદામાં કરેલ જોગવાઈ કરતા પણ ઓછામાં ઓછી સજા અને દંડ કરવાની સત્તા છે. આ ચુકાદાના

સિધ્ધાંતને ધ્યાને લઈ તથા આરોપીના સંજોગોને ધ્યાને લેતા, આરોપીને હળવી સજા કરી, હળવી તથા ઓછી સજા કરવા માટેના વાજબી અને વિશિષ્ટ કારણો જણાતા હોઈ, આરોપી ઉપર દયા બતાવી, સુધરવાની તક આપવાથી ન્યાયનો હેતુ જળવાય તેમ હોઈ, ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરૂં છું.

**-: હુ ક મ :-**

આ કામના આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ-૨૫૨ અન્વયે ઈ.પી.કો. કલમ-૨૮૩ ના ગુના માટે તકસીરવાર ઠરાવી, આરોપીને રૂપીયા.૧૦૦/- (અંકે રૂપિયા એક સો પૂરા) નો દંડ તથા દંડ ના ભરે તો દિન-૨ (બે) ની સાદી કેદની સજા કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૧૧મી સપ્ટેમ્બર, ૨૦૨૧ ના રોજ યોજવામાં આવેલ સ્પેશીયલ મેજીસ્ટ્રીયલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ.

તા.૧૧/૦૯/૨૦૨૧.

**( વી. ડી. મોઢ )**

એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ

કોર્ટ નં.૧૦, અમદાવાદ.

Rs. 100/-

R No. 166.